ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૫/૧૯–૨૦/ 782

તારીખ : 15 FEB 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૦૫/૧૯–૨૦

પ્રતિ,

**શ્રી વલ્લભભાઈ કાનજીભાઈ સોલંકી,**

ગામ–કુંડલી, તા. રાણપુર,

જી.બોટાદ.

**મો.નં.૭૬૦૦૫ ૩૬૬૩૭**

**વિષય : સહમતી વગર લાઈટ કનેકશન ન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૪/૧૨/૨૦૧૯.

(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૧૯–૨૦/૫૦૪૨ તા.૧૬/૧૨/૨૦૧૯.

(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૧૯–૨૦/૫૧૭૯ તા.૨૩/૧૨/૨૦૧૯.

(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૧૯–૨૦/૬૦૦ તા.૦૫/૦૨/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૩/૦૧/૨૦૨૦ તથા તા.૧૧/૦૨/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ.

૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, રાણપુર.

...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૧૦૫/૧૯–૨૦**

વાદી :– શ્રી વલ્લભભાઈ કાનજીભાઈ સોલંકી

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૦૩.૦૧.૨૦૨૦ તથા ૧૧.૦૨.૨૦૨૦** ◈

હાજર રહયા :– શ્રી વલ્લભભાઈ કાનજીભાઈ સોલંકી – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એસ. આર. રાંકજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વલ્લભભાઈ કાનજીભાઈ સોલંકી, મુ.કુંડલી, તા.રાણપુરની સહમતી વગર લાઈટ કનેકશન ન આપવા
બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ
રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૫/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને
પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૦૫/૧૯–૨૦/૫૦૪૨ તા.૧૬.૧૨.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૩.૦૧.૨૦૨૦
તથા તા.૧૧.૦૨.૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં બન્ને મુદતમાં વાદી શ્રી વલ્લભભાઈ કાનજીભાઈ
સોલંકી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ. આર. રાંકજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ
ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ કાનજીભાઈ લાલજીભાઈ સોલંકી સર્વે નં.૧૮૭ પૈકી ૨ ખાતેદાર દિયાળભાઈ કાનજીભાઈ સોલંકી વારસાઈ બાબત એન્ટ્રી નં.૧૮૬૨ વલ્લભભાઈ કાનજીભાઈનાં નામે એન્ટ્રી છે તો સાહેબ અરજદારની સહમતી વગર લાઈટ કનેકશન નો આપવા વિનંતી છે.

૧.૨ રાણપુર ઓફીસમાં બે અરજી કરેલ છે. એક તા.૦૯.૧૧.૨૦૧૯ અને બીજી તા.૧૩.૧૧.૨૦૧૯ ના દિવસે કરેલ તો સાહબ રાણપુર સાહેબ સર્વે કરાવા આવેલ... તો આપ જાણ કરી અરજી કરૂ છું.

..૨..

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ફરિયાદી શ્રી વલ્લભભાઈ કાનજીભાઈ સોલંકી એ અરજી માં જણાવેલ કે દિયાળભાઈ કાનજીભાઈ દવારા કરવા આવેલ વીજજોડાણની અરજીમાં જણાવેલ સર્વે નં.૧૮૭ પૈકી ૨ માં તેઓ સહ ભાગીદાર હોવાથી તેમની જરૂરી સહમતી વગત વીજજોડાણ ન આપવા રજુઆત કરેલ.

૨.૨ રજુઆત મુજબ ઓફીસ રેકર્ડની ચકાસણી કરતાં ખેતીવાડી નવા વીજ્જોડાણ માટે શ્રી દિયાળભાઈ કાનજીભાઈ તા.૭.૨.૨૦૧૯ ના રોજ કુંડલી ગામના સર્વે નં.૧૮૭ પૈકી ૨ માં ૧૦.૦ હો.પા.નું નવું વીજજોડાણ મેળવવા અરજી કરેલ.

૨.૩ અરી સાથે સામેલ હકકપત્રક નોંધ નં.૧૮૬૨ તા.૨૦.૩.૨૦૧૨ મુજબ સર્વે નં.૧૮૭ પૈકી ૨ માં સહ ભાગીદાર તરીકે વલ્લભભાઈ કાનાભાઈની નોંધ રદ કરેલ છે તેમજ દિયાળભાઈ કાનજીભાઈ એ રજુ કરેલ ૭–૧૨ અને ૮–અ (૬.૨.૧૯) ની નકલમાં પણ અરજદારશ્રી વલ્લભભાઈ કાનજીભાઈનું નામ સામેલ નથી.

૨.૪ તા.૨૭.૧૧.૧૯ ના રોજ વીજજોડાણ આપવા હેતુ સર્વે કરવા જતા અરજીમાં જણાવેલ સર્વે નંબરમાં કુવો કે બોર હયાત ન હોવાથી જરૂરી સર્વે થઈ શકેલ નથી તેમજ દિવસ–૭ માં સદર બાબતે ખુલાસો કરવા ના.ઈ.શ્રી દવારા પત્ર નં.૫૧૬૧ તા.૧૮.૧૨.૧૯ ના રોજ જાણ કરવામાં આવેલ છે.

૨.૫ અરજદારશ્રી દીયાળભાઈ કાનજીભાઈ દવારા સર્વે નં.૧૮૭ પૈકી ૨ પૈકી માં કુવો કે બોર અંગે જરૂરી જાણ તા.૪.૧.૨૦૨૦ ના રોજ રાણપુર પે.વી. કચેરી ખાતે કરેલ અને જેના અનુસંધાને અરજદારશ્રી દીયાળભાઈ કાનજીભાઈને તા.૨૩.૧.૨૦૨૦ ના રોજ અંદાજપત્ર જાવક નં.૫૯૬ થી પાઠવવામાં આવેલ છે.

૨.૬ જે અંદાજપત્ર ભરપાઈ થયે નવા વીજજોડાણ અંગે જરૂરી કાર્યવાહી કરી વીજજોડાણ આપવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ ફરીયાદી અરજદાર વલ્લભભાઈ કાનજીભાઈ સોલંકીની ફોરમને રજુઆત છે કે ગામ–કુંડલીમાં સર્વે નં.૧૮૭/૨ માં અરજદાર તેમજ તેઓના ભાઈ દીયાળભાઈ કાનજીભાઈ સોલંકીની સંયુકત માલીકીની નોંધ રેવન્યુ રેકર્ડ માં છે, તેમ છતાં પીજીવીસીએલ તરફથી તેઓની સહમતી વગર દીયાળભાઈ ને ખેતીવાડીનું વીજજોડાણ સર્વે નં.૧૮૭/૨ માં આપવાની કાર્યવાહી શરૂ કરેલ છે.

૩.૨ પ્રતિવાદીએ સર્વે નં.૧૮૭/૨ નાં રેવન્યુ રેકર્ડ ૭/૧૨, ૮–અ તેમજ હકકપત્રક–૬ રજુ કરેલ છે. તે મુજબ નોંધ નં.૧૮૬૨ તા.૨૦.૦૩.૨૦૧૨ ના હકકપત્રકમાં વલ્લભભાઈ કાનાભાઈની સહ હિસ્સેદાર તરીકેની નામ દાખલ કરાવતી નોંધ સક્ષમ અધિકારીએ તા.૧૮.૦૫.૨૦૧૨ ના રોજ રદ કરેલ છે.

૩.૩ આજરોજ સુનાવણી દરમ્યાન ફરીયાદી અરજદાર પાસે તેઓની ફરીયાદ મુજબનાં સર્વે નં.૧૮૭/૨ માં જો તેમની માલીકી હોય તો તે અંગેના રેવન્યુ રેકર્ડ રજુ કરવાનું જણાવેલ, પરંતુ ફરીયાદી એવા કોઈ રેકર્ડ રજુ કરી શકેલ નથી કે જેથી સર્વે નં.૧૮૭/૨ માં વલ્લભભાઈ કાનજીભાઈની ભાગીદારી સાબીત કરી શકાય.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ ઉપરોક્ત તારણ નં.૩.૨ અને ૩.૩ મુજબ ફરીયાદી અરજદાર સર્વે નં.૧૮૭/૨ માં દીયાળભાઈ કાનજીભાઈ એ માંગેલ વીજજોડાણની અરજી સામે વાંધો લેવા માટે હકકદાર નથી, આથી તેઓની અરજી રદ કરાવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૧૧.૦૨.૨૦૨૦